


## સલામી સવારની..

*ચીની ફૂટી નાવડીમાં તર્યા કરે છે ઈમરાન !*
*વિશ્વે ફરિયાદી થઈ, ફર્યા કરે છે ઈમરાન !*
*ને છાવણી થઈ ગયો છે દેશ લોકશાહી તંબૂમાં*
*અને નાપાક પ્રપંચ કર્યા કરે ઓછે ઈમરાન !!*

### હાઈકુ

*લાગ્યું લાંછન !*
*પત્રકારોને પણ -*
*જૂઠ ને ટેકે...*
(આવા ક્યાંથી લઈ આવો છો - ટ્રંપ)

*આપ્યું એંધાણ -*
*વાગે છે પડઘમ-*
*ફરી સ્ટ્રાઈક?*
(મોદી પહોંચી વળશે - ટ્રંપ)

### ચિંતન

**સુખદુઃખે જન્મમૃત્યુ દૈવાત્ એવ ઈતિ નિશ્ચયી ।**
**સાદ્યાદર્શી નિરાયાસઃ કુર્વન્નપિય ન લિપ્યતે ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સુખ-દુઃખ અને જન્મ-મૃત્યુ પણ દૈવાધીન છે. એમ જે નિશ્ચયપૂર્વક જાણે છે, તે સાધ્ય કર્મોને ન જોતાં ને શ્રમ વિના જ કર્મ કરવાં છતાં, તેનાથી લેપાતો નથી.

સંપત્તિ અને આપત્તિને જ બીજા શબ્દોમાં સુખ-દુઃખ પણ કહી શકાય. સુખ આવે કે દુઃખ, એ પણ નિયતિની જ ઈચ્છા છે, અને કર્મ મુજબ જ આવે છે. પુરુષાર્થના પુરસ્કર્તાઓ પોકારે છે કે પ્રારબ્ધ તો અજ્ઞાની ને આશ્વાસન આપવા માટે છે, એ તો અંધશ્રદ્ધા જ છે, પરંતુ એવું નથી.

સુખદુઃખ છે ત્યાં સુધી પ્રારબ્ધ પણ છે, અને સુખ-દુઃખ દેહ ને આવે છે. જીવન હોય ત્યાં સુધી જ તે હોય છે. જન્મ કે મૃત્યુ જયાં આપણું જ ચાલતું નથી, તે દૈવાધીન નહીં તો બીજું શું !?

### સુવિચાર

- સંબંધ અને તાપમાન કયારેય સરખા નથી રહેતા, મતલબ મુજબ પારો ચઢતો-ઉતરતો રહે છે - **ભોલાભાઈ ગોલીબાર**
- વિપદાના કંટકોને ધૈર્યથી પુષ્પો બનાવીને, જીવનની ફૂલદાની એણ બેઠો છું, સમજાવીને - **ગની દહીંવાલા**
- આપણી જરૂરિયાતો જેટલી ઓછી થતી જાય એટલા આપણે ઈશ્વરની નજીક જઈએ છીએ - **દલાઈ લામા**
- આળસ સપનાને અપંગ બનાવી દે છે, સૂતેલાનું સપનું આંખ ઊઘડતા જ ખથમ થઈ જાય છે અને જાગતાનું સદાયે જીવતું રહે છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- સ્ટ્રેસ એટલે શું ?સ્ટ્રેસ એલે ઓર્ગેનાઈઝેશનનો અભાવ - **મૃગેશ વૈષ્ણવ**
- કાચની કાળાશની અંતિમ પળ પછી જ સવારના પહેલા કિરણનો જન્મ થતો હોય છે - **જહોન કોલિન્સ**
- આજનું ઔષધ : મેથીના પાનને ઉકાળી તે પાણીથી ખીલ કે ફોલ્લીની સફાઈ કરવાથી તરત બેસી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચંડકૌશિખે ભારે તપ કર્યું. પરિણામે તેમને શક્તિ મળી. કોઈની પણ સો તેઓ ક્રોધદૃષ્ટિ નાખે તો તે પાત્ર બળીને ભસ્મ થઈ જતું. એકવાર ચકલીનું ચરક તેમના માથે પડ્યું. અને ચંદકૌશિખ કોપાયમાન થયા. તેમને ચકલીની સામે ક્રોધ ભરી નજર કરી ને ચકલી બળીને ભસ્મ થઈ ગઈ. ચંડકૌશિકને ભારે ગર્વ થયો. તેઓ એક બ્રાહ્મણને ત્યાં ભિક્ષા માગવા ગયા. બ્રાહ્મણ પત્ની તેમના પતિને જમાડી રહ્યા હતા. તેમને સાદ પાડીને કહ્યું, 'મહારાજ થોભો, હમણાં આવું છું.' ચંડકૌશિકને ગુસ્સો આવ્યો. અને પેલી સ્ત્રીએ મહારાજનો ચહેરા પર ગુસ્સો જોઈને કહ્યું, 'મહારાજ, ગુસ્સે ન થશો, હું કંઈ ચકલી નથી કે ભસ્મ થઈ જાઉં.' ચંડકૌશિકને આશ્ચર્ય થયું તેમને બ્રાહ્મણ પત્નીને પૂછ્યું, 'માતા, આપે ચકલીની વાત કઈ રીતે જાણી? એ વિદ્યા મને શીખવો.' બ્રાહ્મણ પત્નીએ કહ્યું, 'મહારાજ હું કઈ જ્ઞાની કે તપસ્વી નથી. મેં તો પત્ની ધર્મ બરાબર પાળ્યો છે. એ પાળતાં-પાળતાં હું બધું પામી છું પણ તમારા માટે તો મિથિલા નગરીના ધર્મવ્યાય સજ્જન છે કે તેઓ તમને શિષ્ય બનાવી, વિદ્યા આપશે.' ચંડકૌશિખ મિથિલાનગરી પહોંચ્યો ત્યાં જઈ ધર્મવ્યાપની ભાળ કાઢી. ધર્મવ્યાપ તો એક ખાટકી હતા. અને બકરા કાપી માંસ વેંચતા હતા. ધર્મવ્યાપે તેમને નજીક બોલાવ્યા અને કહ્યું, 'આવો મહારાજ તમને બ્રાહ્મણી માતાએ મારી પાસે મોકલ્યો છે ને? પહેલાં હું મારા માતાપિતાને જમાડી લઉં. તમે બેસજો.' ચંડકૌશિખને મનમાં થયું. 'આવું હલકું કામ કરનાર પાસેથી મને જ્ઞાન મળશે?' થોડીકવારમાં ધર્મવ્યાપ પાછા આવ્યા. અને કહ્યું, 'મહારાજ, મેં કોઈ ગ્રંથો કે શાસ્ત્રો વાંચ્યા નથી કે તપથી દેહદમન કર્યું નથી. પણ મારે માથે આવી પડેલ કામને કર્તવ્ય ગણીને મેં સારી રીતે બજાવ્યું છે. પોતાનું કામ અને ફરજ પૂરી નિષ્ઠાથી નિભાવ્યું એ જ જ્ઞાન છે. એમ કરવાથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.'

# પ્રવાસન ઉદ્યોગની પ્રચંડ શક્યતાઓ

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વ પ્રવાસન દિવસ આવે છે ને ચાલ્યે જાય છે, પરંતુ સામાન્ય નાગરિક એની નોંધ સુધ્ધાં નથી લેતો. જો કે ગુજરાતી વિશ્વની પ્રવાસશોખીન પ્રજાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે, પરંતુ છેક હમણાં સુધી ગુજરાત પ્રવાસન ક્ષેત્રે ઘણું જ પાછળ રહ્યું એનું કારણ એટલું જ કે ગુજરાતીઓ જ ગુજરાતની પ્રવાસન ક્ષણતાથી પૂરતા વાકેફ નહોતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છનું 'સફેદ રણ' રીતસર પુનર્જીવિત કરી દીધું અને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બની પધારેલા અભિનય સમ્રાટ અમિતાભ બચ્ચને 'કુછ દિન તો ગુજારો ગુજરાત મેં' કહી ગુજરાતની અપાર પ્રવાસન ક્ષમતાનો દુનિયાને પરિચય કરાવ્યો. દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાત પાસે દુનિયાભરના પ્રવાસ શોખીનોને આકર્ષવાનાં અનેક નિમિત્ત પણ છે. અહીં દ્વારકા અને સોમનાથ તથા અંબાજી જેવાં યાત્રાધામો છે. શત્રુંજય અને ગિરનારથી લઈ સાપુતારા સુધીનાં પર્વતીય સ્થળો છે. વડનગરની જાહોજલાલી નિહાળવા ચીની યાત્રી હ્યુએન સાંગ આવી શકતો હોય તો આપણે કેમ ના જઈએ ? પણ આપણી પાસે મોઢેરાના સૂર્યમંદિર, પાટણની રાણકી વાવ કે વડનગરના તોરણ અને સિદ્ધપુરના રુદ્રમાળથી લઈ ડભોઈના કિલ્લાઓ સાચી રીતે નિહાળવાની દૃષ્ટિ જ નથી વિકસી. ગુજરાતને જવાહર ચાવડા જેવા ઉત્સાહી પ્રવાસનમંત્રી મળ્યા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી માટે ગુજરાતને નરેન્દ્રભાઈની કલ્પનાનું મોડેલ સ્ટેટ બનાવી દુનિયા સમક્ષ દેશની મૂઠી ઊંચેરી ઓળખ ટકાવી રાખવી તે એક માત્ર લક્ષ્ય છે. પ્રવાસન ક્ષેત્ર જ એ લક્ષ્યાંક સિદ્ધ કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે. પ્રવાસન ક્ષેત્ર માટે રાજયની નશાબંધીની નીતિ જરૂર અડચણરૂપ લાગે, પરંતુ એ માટે જરૂરી છૂટછાટો અગાઉથી જ અપાઈ ચૂકી છે, ગાંધી આશ્રમ પૂરતી નશાબંધી બરાબર હશે; પરંતુ વિશ્વની પ્રથમ દસ બીચમાં ગણાતી વિખ્યાત બીચમાં નશાબંદી શી રીતે ચાલશે? સૌ જાણે છે કે પ્રવાસીઓ રતનપુર બોર્ડર, માઉન્ટ આબુ અને દીવ-દમણ ફક્ત ફરવા માટે કે જાત્રા કરવા નથી જતા. જીવન છે તો એને ભરપૂર રીતે માણવાની પણ માણસને છૂટ હોવી જોઈએ. અણદાવાદને હવે હેરિટેજ સિટીને દરજ્જો મળેલ છે. ખરેખર તો દ્વારકા, સોમનાથ, (વેરાવળ), જૂનાગઢ, પાટણ અને વડોદરા જેવાં શહેરાને તથા વડનગર જેવાં નગરોને પણ એ દરજ્જો મળવો જોઈએ. પ્રવાસન ક્ષેત્રમાં રોજગારીની લખલૂટ તકો છે. ગાંધીનગરના સીમાડે ચાલતી હોટેલ મેનેજમેન્ટની કૉલેજના ગ્રેજયુએટોને ગુજરાત બહાર નોકરી શોધવાની જરૂર જ ના પડવી જોઈએ. પૌરાણિક કાળથી ગુજરાતમાં સંસ્કૃતિઓ ખીલતી અને ખોરવાતી રહી છે. દ્રવિડોના જમાનામાં - સિંધુખીણની સંસ્કૃતિનાં લોથલ અને ધોળાવીરા જેવાં સ્થળો ગુજરાતમાં હોય, કચ્છના સફેદ રણનો વૈભવ હોય અને છતાં દેશમાં અન્ય રાજયોની સરખામણીમાં સહેલાણીઓની સંખ્યા ઓછી કેમ ? ગાંધી-મોદીથી લઈ કૃષ્ણ સુધીની ભવ્યતા નિહાળવાનું લોકોને ઘેલું લગાડવામાં આપણએ કયાં કાચા પડ્યા તે શોધી કાઢવું રહ્યું.

# સબ કા સચ અલગ અલગ હોતા હૈ




**સબ કા સચ અલગ અલગ હોતા હૈ**

**- બદલા**

આ વર્ષ એટલે કે ૨૦૧૯ની અચૂક નિહાળવા જેવી ફિલ્મોમાંની એક એટલે સુજોય ઘોષ દિગ્દર્શિત અમિતાભ બચ્ચન, તાપસી પન્નુ, અને અમ્રિતાસિંહ અભિનિત ફિલ્મ 'બદલા.'

વાસ્તવમાં 'બદલા' ફિલ્મ ૨૦૧૬માં આવેલી સ્પેનિશ ફિલ્મ 'ધ ઈન્વીસીબલ ગેસ્ટ' પરથી જ બનાવવામાં આવી હતી. 'ઓરીઓલ પોલો' નામક દિગ્દર્શકની આ ફિલ્મનું સફળ હિંદી રૂપાંતરણ સુજોય ઘોષ દ્વારા હિન્દીમાં કરવામાં આવ્યું, અને નિષ્ફળ તેલુગુ રૂપાંતરણ વેંકટ રામજી દ્વારા આ જ વર્ષે ઓગસ્ટમાં કરવામાં આવ્યું હતું.

આ ફિલ્મનું જમા પાસુ સ્વાભાવિક પણે અમિતાભ બચ્ચન હતા, આજનો આ લેખ સદીના મહાનાયક અમિતાભ બચ્ચનને 'દાદાસાહેબ ફાળકે પુરસ્કાર' પ્રાપ્ત થયો, તેના અભિનંદન રુપે જ છે.

ફિલ્મનાં સંવાદ સુજોય ઘોષ અને રાજ વસંતે લખ્યા હતા. ઉપર્યુક્ત સંવાદ અમિતાભ બચ્ચનના શ્રીમુખે બોલાવવામાં આવ્યા છે.

યોગાનુયોગ આ જ અજરામર, પંક્તિ જરા જુદા સ્વરુપે 'ઋગ્વેદ' માં છે, જેનો આપણે વારંવાર 'અવતરણ' રુપે ઉપયોગ કરીએ છીએ.

**ઈન્દ્રં મિત્રં વરુણમગ્નિમાહુરથો દિવ્યઃ સ સુપર્ણો ગરુત્માન્ ।**
**એકં સદ્વિપ્રા બહુધા વદન્ત્યગ્નિ યમં માતરિશ્વાનમાહુ : ॥**

આ ઋચાનો અર્થ છે, તેઓ તેને ઈન્દ્ર, મિત્ર,વરુણ, અગ્નિ અને પવિત્ર ગરુડ કહે છે, જેને સુંદર પાંખો છે, સત્ય એક જ છે, પરંતુ જ્ઞાનીઓ તેને અલગ અલગ રીતે કહે છે. જેમ કેમ અગ્નિ, મિત્ર, યમ, માતરિશ્વા.

ઋગ્વેદના પ્રથમ મંડળનાં ૧૬૪માં સૂક્તની ૪૬મી આ ઋચા છે.


'ઋગ્વેદ' એ વિશ્વનો સૌથી પ્રાચીનતમ ગ્રંથ છે, આથી તેને 'માનવજાતિના પ્રથમ વિધાન' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં ૧૦૨૮ સૂક્ત છે, અને આશરે ૧૦,૬૦૦ મંત્રો છે. જે દશ મંડળમાં વિભાજિત છે.

**॥ એકમ સદ્ વિપ્રા બહુધા વદન્તિ ॥**

એક જ સત્યને જ્ઞાનીઓ વિવિધ રીતે કહે છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# આજે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' કાર્યશાળા




વૃત્તસંચય

● વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષા ગુજરાતીના સત્વને જાણવા, માણવા અને તેના ભાષાશાસ્ત્ર તથા વ્યાકરણની સમજૂતિ માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતી કાર્યશાળાની ૨૭મી કાર્યશાળા તા. ૨૮મી સપ્ટેમ્બર, શનિવારના દિવસે બપોરના ૩.૩૦ થી ૬.૦૦ વાગ્યા દરમિયાન, ચિલ્ડ્રન યુનિ.ના સભાખંડમાં, સેકટર-૨૦ ખાતે યોજાશે. આ કાર્યાશાળામાં એક આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી; સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર, એક ઉત્તમ પ્રશિક્ષક તથા માતૃભાષા ગુજરાતી વ્યાકરણના અચ્છા અભ્યાસુ અને ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી કલ્પેશભાઈ પટેલ ગુજરાતી વ્યાકરણમાં સંધિ ભાગ-૨ નો રસપ્રદ વિષય પોતાની આગવી શૈલીમાં શિખવાડશે.

વધુમાં આગવી શૈલીમાં ગઝલકાર કિશોરભાઈ જિકાદરા, ગુજરાતી ભાષાની ગરિમા પ્રદર્શિત કરતો એક રસપ્રદ પ્રયોગ રજૂ કરશે. આથી સર્વે માતૃભાષા પ્રેમીજનો, સાહિત્યકારોને આ કાર્યશાળામાં પધારવા, આ સંસ્થાના સંયોજક સંજય પંડ્યાએ ભાવભર્યુ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

● કવિ પ્રવિણ દરજીને તેમના કાવ્યસંગ્રહ 'પૂર્વાભાસ' માટે ડૉ. જયંત પાઠક કવિતા પુરસ્કાર આપીને સન્માનવામાં આવ્યા.

● નવસારીના વાર્તાકાર ધર્મેશ ગાંધીને 'મમતા' વાર્તાસ્પર્ધામાં તેમની વાર્તા 'દોખ્મેનશીની' માટે પુરસ્કાર પારિતોષિક આપવામાં આવ્યું.

● હિન્દી સાહિત્યનો પ્રખ્યાત 'અંબિકાપ્રસાદ દિવ્યસ્મૃતિ પ્રતિષ્ઠા પુરસ્કાર' સાહિત્યકાર પંકજ ત્રિવેદીને એમના નિબંધસંગ્રહ 'મન કિતના વિતરાગી' માટે આપવામાં આવ્યો.

-muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# સંવેદનશીલતાના કાવ્ય ઝરણાં : સર પ્રભાશંકર પટ્ટણી




સાશકોનો કે સાશન સાથે જોડાયેલા વર્ગનો તેમના વ્યક્તિગત દબદબા કે મોભા સાથે જાણ્યે અજાણ્યે પણ એક લગાવ થઈ જતો હોય તેમ જોવા મળે છે. બ્રિટીશ હકૂમતને સલામ કરી પોતાનું પદ જાળવી રાખનાર દેશી રાજ્યોના રાજવીઓ પણ પોતાને ૨૧ કે ૩૧ તોપોની સલામી મળે છે તેની વાત ગૌરવપૂર્વક કરતા હતા. દેશ આઝાદ થયો ત્યારપછી પણ "પ્રોટોકોલ" નું કારણ આગળ ધરીને અનેક ચૂંટાયેલા લોકો પોતાના હોદ્દાનો દબદબો કે પ્રભાવ જાહેર નાણાંનો વ્યય કરીને પણ કરે છે. આ પ્રકારનો પ્રભાવ દેખાડવાના પણ કેટલાક માધ્યમો છે. હોદ્દા સાથે સંકળાયેલી સુખ —સુવિધાઓને કારણે પણ એક વર્ગ પ્રજા સાથે સંપૂર્ણ કરીને ભળી શકતો નથી. આ બાબતમાં અનેક અપવાદો ચોક્કસ છે. સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી ઢેબરભાઈ મુખ્યમંત્રીને હોદ્દાની રૂએ મળતા બંગલામાં કદી રહેવા ગયા ન હતા. જ્યારે બાબુભાઈ પટેલ (બા.જ.પ.) મુખ્યમંત્રી મટી ગયા પછી ૭૨ કલાક પણ સરકારી મહાલયમાં રહ્યા ન હતા. આવા અપવાદરૂપ મનિષિઓને સમાજ હદયના સિંહાસને બેસાડે છે. તેમનો હોદ્દો તેમની વૈચારિક ઊંચાઈને આંબી શકે તેમ ન હતો. લોકશાહી શાસન વ્યવસ્થામાં તો સાદગીની આ બાબત અપેક્ષિત છે. પરંતુ જ્યારે ભાવનગર જેવા સમૃધ્ધ દેશી રજવાડાના શક્તિશાળીઅને પ્રભાવી દીવાન દીલથીજ ભપકાની જગાએ સાદગી તેમજ પવિત્રતાની પસંદગી કરીને તેને અનુરૂપ જીવન વ્યતિત કરે ત્યારે તેમની આ વાત કે વિચાર દરેક સમયે દિશા નિર્દેશક બની રહે છે. આવા દીવાન સર પ્રભાશંકર પટ્ટણી પોતાના મનની ઊર્મિ સુંદર શબ્દોમાં વ્યક્ત કરે છે.

જોવી જેને નજરે
ન પડે વક્ર તાલેવરોની,
ખાય જેઓ ઉદર ભરીને
પંક્તિ દુર્વાકુરોની,
ઠંડા વારિ નદી સર તણાંપી
નિરાંતે ભમે છે
તેવી સાદી હરિણશિશુની
જિંદગાની ગમે છે.

બ્રિટીશ સરકારને નારાજ કર્યા સિવાય ગાંધી સાથેનું ઘટ્ટ અનુસંધાન રાખવાનું કપરું કામ કરનાર સર પટ્ટણીના આ શબ્દો તેમના વ્યક્તિત્વનો પરિચય કરાવી જાય છે. મહાલયોમાં હક્કથી વિહરતા આ મહાપુરુષને બાળ હરણની મસ્તીભરી જિંદગી જીવવાના કોડ છે. પટ્ટણી સાહેબના કાવ્યોમાં તેમની કવિત્વ શક્તિનો તો પરિચય થાય છેજ પરંતુ તેમના અંતરના તળિયે પડેલા જીવંત ભાવના ઝરણા તેમના કાવ્યોના માધ્યમથી વહે છે. જીવનના કોઈ કાર્યમાં પટ્ટણી સાહેબનો ભાવ કર્તાપણાનો ન હતો. તેઓ અનાસક્ત હતા. હનુમાનજીની અનાસક્ત સેવાનું એક બીજુ ઉદાહરણ રામાયણ થકી આપણાં સુધી પહોંચી શક્યું છે. રામના રાજ્યાભિષેક પછી કવિ કાગે લખ્યું છે તેમ મારૂતિનંદને રાજ્ય સત્તાના ઝાકઝમાળથી દૂર રહીને " ધૂળમાં ધામા " નાખ્યા હતા. અહીં પટ્ટણી સાહેબે જીવનના છેલ્લા દોઢ માસમાં નાદુરસ્ત તબિયતની પરવા કર્યા સિવાય ભાવનગરના ગામડાઓની સ્થિતિનું દર્શન કરવા ધૂળિયા માર્ગોએ પ્રવાસ ખેડ્યો હતો.

સર પટ્ટણીના અનેક કાવ્યો જીવનમાં બનેલા કેટલાક વાસ્તવિક પ્રસંગોમાંથી પણ પ્રગટ થયા છે. આવા પ્રસંગો લખીનેમુકુન્દરાય પારાશર્યે આપણાં પર ઉપકાર કર્યો છે. આવા એક પ્રસંગમાં સર પટ્ટણીના બંગલામાંથી કેટલાક સોનાના દાગીનાની ચોરી થાય છે. દીવાન સાહેબના ઘરમાં કામ કરતા એક વ્યક્તિની ધરપકડ શક પરથી રાજ્યની પોલીસ કરે છે. ભાવનગર રાજ્યના દીવાનના બંગલામાંથી ચોરી થાય તે કેવી રીતે સાંખી લેવાય ? પોલીસ ગતિથી ચોરને નક્કી કરવા તથા પકડવા સક્રિય પ્રયાસ કરે છે. આ તપાસના ભાગરૂપે બંગલે કામ કરતા માણસની ધરપકડ થાય છે. પ્રભાશંકર પટ્ટણી આ ઘટના બની ત્યારે પ્રવાસમાં હતા. પ્રવાસમાંથી તેઓ પાછા આવ્યા. જે માણસની પોલીસે અટકાયત કરી હતી તેની પત્નીએ રોઈ કરગરીને દીવાન સાહેબને પોતાનો પતી નિર્દોષ હોવાનું જણાવ્યું. તેને છોડાવવા માટે વિનંતી કરી. જાણીતી પરંતુ અસામાન્ય વાત છે કે પટ્ટણી સાહેબે આ વ્યક્તિની નિર્દોષતાની વાત પોલીસ અધિકારીને કરીને સત્વરે તેને મુક્ત કરાવ્યો. જાણે કશુંજ બન્યું નથી તેવો વ્યવહાર કરીને ફરી પૂર્ણ વિશ્વાસ પોતાના આ સેવકમાં બતાવવાનું તેમણે સહજ રીતેજ કર્યું. પરંતુ આખરે તો દરેક માનવ એ જગતનિયંતાએ બનાવેલી એક અનોખી ચીજ છે. કલાપીએ ગાયું છે તે 'પસ્તાવાનું વિપુલ ઝરણું' માનવીના અંતરમાંથી પ્રગટ ન થાય તેવું બનવાનો સંભવ ઓછો છે. પટ્ટણી સાહેબના ઉમદા તેમજ ઉદાર વર્તાવથી આ માણસના દિલમાં પશ્ચાતાપનો ભાવ પ્રગટે છે. સાહેબની ઉદારતા અને ગરીમાથી તેના અંદરના વિશુધ્ધ ભાવ જાગૃત થઈ ઊઠે છે. નબળાઈની કોઈ ક્ષણે પોતે ચોરી કરી છે તેની કબૂલાત કરી. દાગીના પાછા સોંપ્યા. પરંતુ આ ઘટના પર વિચાર કરતા સર પટ્ટણીના અંતરમાંથી જે શબ્દો પ્રગટ થયા તે અતિ સુંદર તેમજ અર્થપૂર્ણ છે. પ્રાર્થના જેવા આ શબ્દોમાં અંતરની અભિલાષા કાવ્યની પંક્તિ રૂપે પ્રગટ થઈ છે.

જે ચીજો કે વસુવિભવથી
લોકને મોહ થાય
ને જે મોહે હદય જનના
પાપ માટે તણાય
તે પૈસો કે વિભવ
અમને સ્વપ્રમાં યે હશોમા,
એવા હોય સુકૃત કદી તો
સુકૃતો યે થશોમા.

ભાવનગર રાજ્યના આ સંવેદનશીલ દીવાને કવિતા લખી નથી પરંતુ તેઓ પોતાની કવિતામાં લખેલા શબ્દો જીવી ગયા છે. જીવન દરમિયાન જે અનેક સંઘર્ષો તેમણે કર્યા તેની અસરથી તેમના અંતરની ઊર્મિઓ ઝંકૃત થઈ છે. તેમાંથી કાવ્ય સરવાણી વહી છે.

રાજ્ય વ્યવસ્થામાં પ્રજા કેન્દ્રસ્થાને રહે તેવા ધ્યેય તથા અપાર નિષ્ઠા સાથે સર પટ્ટણી ઉજળું જીવતર જીવી ગયા. ગગા ઓઝાના ભાવનગર રાજ્યને તેમણે એક આદર્શ રાજ્ય બનાવ્યું. રાજવીઓની અને ગાંધીની પ્રીતિ તેમજ વિશ્વાસ પ્રાપ્ત કર્યા. કોઈપણ પ્રજાજનના દુઃખ સાંભળવા અને તેનો ઉકેલ કરવાની તેમની અભિલાષા અને પ્રતિબધ્ધતા 'ઉઘાડી રાખજો બારી' કાવ્યમાં પ્રગટ થાય છે.

દુઃખી કે દર્દી કે કોઈ
ભૂલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઘરની
ઉઘાડી રાખજો બારી.

# દસ પાઈના પડતર મીઠા ઉપર અંગ્રેજો વેરો ૨૪૦ પાઈનો હતો !

**નમક કર સામેના વિરોધમાં ગાંધીની અર્થશાસ્ત્રીય સમજણ**




એકવાર ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહને વેગ આપવાનું નક્કી કરી દીધું પછી ગાંધીજી અને સાથીદારો દાંડીકૂચ માટે સક્રીય બની ગયા હતા. ગાંધીજીએ ભારતની ગરીબાઈ અને નમક વેરા અંગેની માહિતી લોકો સુધી પહોંચાડવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ગાંધીજીએ સરકારી પ્રકાશનમાં પ્રસિદ્ધ થયેલા આંકડાઓના આધારે યંગ ઈન્ડિયા (ફેબ્રુઆરી, ૨૭, ૧૯૩૦)નાં અંકમાં ભારતીય વ્યક્તિની સરેરાશ આવકની વિગતો જાહેર કરી હતી જે નીચે મુજબ જોઈ શકાય.

| દેશ | રૂપિયા | આના | પાઈ | આવક |
|---|---|---|---|---|
| અમેરિકા | ૩ | ૦ | ૦ | ૫૭૬ |
| ઓસ્ટ્રેલિયા | ૨ | ૪ | ૦ | ૪૩૨ |
| ગ્રેટ બ્રિટન | ૨ | ૧ | ૪ | ૩૯૬ |
| કેનેડા | ૧ | ૧૦ | ૮ | ૩૨૦ |
| ભારત | ૦ | ૧ | ૭ | ૧૯ |

આવકની સરખામણી કરીએ તો ભારત સિવાયના બાકીના દેશોની આવક અનેકગણી વધારે ત્રણ આંકડામાં પણ ખાસી હતી. ને ભારતની સરેરાશ આવક માત્ર ૧૯ પાઈ માંડ બે આંકડાની હતી. જે દેશ ભારત ઉપર સત્તા ચલાવતું હતું તેની આવક ભારત કરતા ૨૧ ગણી વધુ હતી. ભારતની આટલી ઓછી આવકની સામે મીઠાના કરની વિગતોની સ્થિતિ પણ જોવા જેવી છે. સરકારી આંકડા અનુસાર ૧ બંગાળી મણ (૮૨. રતલ) મીઠાનો ભાવ ૧૦ પાઈનો હતો. તેના ઉપર વેરા ૨૦ આના હતો. એટલે કે ૧૦ પાઈના મીઠા ઉપર વેરો ૨૪૦ આનાનો હતો ! એનો સીધો અર્થ એવો થાય કે વેચાણ કિંમત ઉપર ૨૪૦૦% વેરો !

આટલા આંકડા જ ગાંધીજીએ દાંડીકૂચ કરી તેનું મર્મ સમજાવવા માટે પૂરતા છે. તેમ છતાં વધુ વિગત જોવા જેવી છે. ગાંધીજી એક અર્થશાસ્ત્રી સમસ્યા સમજાવે તેમ દેશવાસીઓને મીઠા કર સામે વિરોધ પાછળનું કારણ સમજાવીને જનસામાન્યને દાંડીકૂચ પાછળનું ગણિત સમજાવતા હતા અને સાથે સાથે સત્યાગ્રહમાં દેશના તમામ પ્રદેશો પૂર્ણ રૂપે જોડાઈ જાય એ રીતે પ્રજાશક્તિને ગતિશીલ બનાવતા હતા. એ સમયે બ્રિટીશ સલ્તનત ભારતમાં તેની કુલ વાર્ષિક આવકમાંથી ૧૯.૭ % આવક માત્ર મીઠાના કરમાંથી મેળવતી હતી. એક તરફ ભારતીયની સરેરાશ આવક માંડ ૧૯ પાઈ હતી. ત્યારે અંગ્રેજ સરકાર મીઠા કરમાંથી કુલ આવકનો પાંચમો ભાગ મેળવતી હતી. નમક સત્યાગ્રહનો દાવો કેટલો સાર્થક હતો તેનું ભાન ગાંધીજી અને તેમના સાથીદારોએ જે રીતે માહિતી સાથે સાચી સમજ પહોંચાડી રહ્યા હતા તે પરથી સમજી શકાય છે. આવા જનજાગૃતિ વિષયક લેખો અને માહિતીના પરિણામે લોકોને સાચું સમજાવવા લાગ્યું અને દેશભરમાં લડત માટેનું વાતાવરણ જામતું ગયું.

ગાંધીજીની લડત તો અનોખી જ રહેતી હતી. છાની છપની લડાઈ લડવામાં તેઓ કયારેય ન હતા. ઉપરાંત સામેવાળાની નબળાઈનો લાભ (ગેરલાભ) ઉઠાવવામાં પણ તેઓ માનતા ન હતા. લડતનો મોરચો માંડતા પહેલા તેઓ સમાધાનીના પ્રયાસો પણ અચૂક અમલમાં મૂકતા હતા. દાંડીકૂચ પહેલા પણ તેમનો આમ જ કર્યું હતું. તત્કાલીન વાઈસરોય અર્વિનને તેમને લાંબો અને સંપૂર્ણ વિગત સાથેનો પત્ર લખીને તેમણે તેમના અંગ્રેજ રેજિનાલ્ડ રેનલ્ડ્સ મારફતે મોકલ્યો હતો.

આ પત્રમાં તેમને બ્રિટીશ શાસનને જગતના સૌથી વધારે ખર્ચાળ એવું પરદેશી રાજતંત્ર ગણાવતા ઈંગ્લેન્ડના વડાપ્રધાનના પગાર, સરેરાશ અંગ્રેજના પગાર એન એક મુખ્યપ્રધાન પાંચ હજારની વધુ હિંદીઓની કમાણી ઉપાડો છો એવું પણ લખ્યું હતું. પાછું એમાં ઉલ્લેખ પણ કર્યો હતો કે આ એક કઠોર પણ સાચી હકીકત બરાબર સમજાય તે માટે આપનો અંગત દાખલો આપ્યો છે, અન્યથા અંગત રીતે મારા મનમાં આપને વિશે એટલો બધો આદરભાવ છે કે આપની લાગણી દુભાય એવું કશું કહેવા હું ના ચાહું, જો ગાંધીને આપણે સમજતા હોઈએ તો ગાંધીનો આ સત્વશીલ વિવેક જ છે. કારણ ગાંધી તો શબ્દોથી પણ કોઈને ઈજા પહોંચાડવાના ય વિરોધી હતા. અહિંસા એમની જીવની જ હતી ને.

નમક સત્યાગ્રહ વખતે દેશના ઘણા બધા પ્રાંતો જમીન ઉપરના કર સામે આંદોલન કરવાના મતના હતા. મીઠા કરતાં જમીનનો મુદ્દો વધુ સ્વીકૃત બનશે એવી ગાંધીજીના તમામ સાથીદારોને પણ આશા હતી. પરંતુ ગાંધીજીએ મીઠાના કર સામે જ આંદોલન કરવાનું વલણ પકડી રાખ્યું હતું. આથી તમામ સાથીદારોએ એ વાત સ્વીકારી લીધી હતી. પરંતુ ગાંધીજીએ વાઈસરોયને લખેલા પત્રમાં જમીન મહેસૂલ સામે પણ નારાજી દર્શાવી હતી. જમીન મહેસૂલ રૈયતને કચડી નાંખનારી છે. એમાં ફેરફાર કરવાની રજૂઆત તેમણે કરી હતી. પરંતુ મુખ્ય બાબત મીઠા ઉપરના કર વિરોધની તેમને કરી હતી. રોજની જરૂરિયાત એના મીઠા ઉપરના કરનો સૌથી મોટો બોજો ગરીબ રૈયત ઉપર જ પડે છે. મીઠું ગરીબ અને શ્રીમંત બંનેની જરૂરિયાત છે પરંતુ ગરીબ વર્ગે મીઠું વધારે ખાવું પડતુ હોઈ સૌથી વધુ બોજો તેમના પર પડે છે. કર બોજો નાંખીને ગરીબ વર્ગને સૂચવો ન જોઈએ તેમ તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહે છે.